## || ૐ શ્રી સાઈરામ ||

## ॥ ૐ શ્રી સાઈ શક્તિપ્રદાય નમ: ॥ (૩૪)

## ભક્તોને શક્તિ દેનારા શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

પ્રદ એટલે આપે છે તે. (આપવું). ભગવાન શ્રી સત્યસાઇબાબા શિવશક્તિના અવતાર છે અને તે પોતાના ભક્તોને શક્તિ, ચૈતન્ય અને બુદ્ધિ પ્રદાન કરે છે. શિવ પાસેથી આપણને આનંદ, બ્રહ્માનંદ મળે છે અને શક્તિ પાસેથી ચેતના, ધૈર્ય, અને બુદ્ધિ મળે છે.

શક્તિ પ્રદાન કરવાવાળા ભગવાન શ્રી સત્ય સાઈબાબાના ચરિત્રમાં એવી અનેક ઘટનાઓ જોવા મળશે, જેમાંથી આપણને ખ્યાલ આવશે કે ભગવાન પાસેથી શક્તિ પ્રાપ્ત થવાથી (થયા પછી) કેવા પરિણામ થાય છે.

જુલાઈ ૧૯૫૭ માં ભગવાન બાબાએ ઋષિકેશ સ્થિત સ્વામી શિવાનંદના આશ્રમની મુલાકાત લીધી હતી. તેમના સ્વાગત માટે સ્વામી શિવાનંદ વ્હીલ ચેરમાં બેસીને પોતાના શિષ્ય પરિવાર સાથે ભગવાન બાબાનું સામૈયું કરવા ગયા હતા અને બન્ને હાથ જોડીને તેમણે ભગવાનનું સ્વાગત કર્યું હતું. ભગવાને અભયહસ્તથી બધાને આશીર્વાદ આપ્યા. બીજે દિવસે ભગવાન બાબાએ હસ્ત સંચલનથી સોનામાં મઢેલી ૧૦૮ રુદ્રાક્ષની માળાનું પ્રાગટય કરી સ્વામી શિવાનંદના ગળામાં પહેરાવી. તેમજ વિભૂતિનું પ્રાગટય કરીને તેમના કપાળે લગાવી.

ત્યાર પછી દરરોજ ભગવાન બાબા શિવાનંદ સ્વામી અને તેમના શિષ્ય પરિવારને ઉપદેશ આપતા. એક દિવસ ભગવાન બાબાએ થોડા ફળ અને વિભૂતિનું સર્જન કરીને શિવાનંદ સ્વામીને ખાવા માટે આપ્યા. તે ક્ષણથી જ સ્વામી શિવાનંદની તબિયતમાં સુધારો થવા લાગ્યો. ભગવાન બાબાના સ્વાગત માટે વ્હીલ ચેરમાં બેસીને આવેલા સ્વામી શિવાનંદ ભગવાન બાબા પાસેથી દિવ્ય શક્તિ મળતા જ પોતાના પગ ઉપર ઊભા રહ્યા અને પછી તેમણે પોતે ફરીને ખૂબ ઉત્સાહથી ભગવાન બાબાને આખો આશ્રમ દેખાડ્યો.

આ રીતે શિવશકિત રૂપ ભગવાન બાબાએ મહાન યોગી એવા સ્વામી શિવાનંદને પૂર્વવત્ સાજા કર્યા. આ તો કેવળ એક પ્રતિનિધિક ઉદાહરણ છે. એવા અનેક ભાગ્યવંત (ભાગ્યવાન) સદભક્ત છે, કે જેમને ભગવાન બાબાની કૃપાથી સદબુદ્ધિ અને ચૈતન્ય પ્રાપ્ત થયા છે.

૧૯૬૧ માં ભગવાન બાબાએ થોડા ભક્તો સાથે બદરીનારાયણની યાત્રા કરી હતી. આની પાછળ ભક્તોને કેવળ દેવ દર્શન' કરાવવું એ હતુ ન હતો, પણ ત્યાં ગયા પછી ભગવાન બાબાએ, પ્રત્યક્ષ શંકર ભગવાને શ્રી શંકરાચાર્યને જે આત્મલિંગ આપ્યા હતા, તેમાંનું એક છે નારાયણની મૂર્તિની નીચે છે તેનું 'દર્શન' ભક્તોને કરાવ્યું. તેની વિધિવત્ પૂજા કરીને પછી તેને તેના મૂળ સ્થાને મોકલવાનું કામ ભગવાન બાબાએ કર્યું. આવી જ રીતે જ્યારે તે સૌરાષ્ટ્રના સોમનાથ મંદિરે ગયા ત્યારે ભગવાન બાબાએ મૂળ જ્યોતિલિંગના દર્શન ભક્તોને કરાવ્યાં. તેમજ દ્વારકા, શ્રી શૈલમ, પંઢરપુરના દર્શન સમયે ત્યાંની મૂર્તિઓમાં ફરીથી ચૈતન્ય પ્રસ્થાપિત કરવાનું કામ ભગવાન બાબાએ કર્યું. જે કેવળ શિવશક્તિ દ્વારા જ શક્ય છે.

|| ૐ શ્રી સત્યસાઈનાથાર્પણમસ્તુ ||